# નેટવર્ક

## રૂ. ૬,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ (રૂ.છ ખર્વ)નો 'ચુનો'દેશને લગાડનાર ટેલિફોન ખાતાના પ્રધાન અને તમિળનાડુના મુખ્યપ્રધાન કરુણાનિધિના લાડલા એ.રાજાની ઢાલ બનીને ઊભેલા વડાપ્રધાન મનમોહનસિંહ પોતાની પ્રતિષ્ઠા ઉપર જાતે જ કુચડો મારી રહ્યા છે !

લૂંટો, બસ આપણને જનતાને લૂંટવાનો જ પરવાનો આ મોબાઈલ કંપનીઓને સરકારે આપી દીધો છે. બી.એસ.એલ.એન, એમટીએલએન જેવી મોબાઈલની સરકારી કંપનીથી માંડી રિલાયન્સ, એરટેલ, તાતા, એરટેલ, આઇડીયા, વોડાફોન, વીરજીન, અને બીજી બધી જ કંપનીઓને સરકારે છૂટ આપી દીધી છે કે જનતાને લૂંટો, લૂંટાઈ એટલી લૂંટો ! કારણ કે આ કંપનીઓ ઉપર સરકારનું કોઈ નિયંત્રણ જ નથી.

મોબાઈલ ફોનની શરૂઆત આપણા દેશમાં સત્તામાં જ્યારે ભાજપ હતી ત્યારે થયેલી. એ વખતે ટેલિફોન ખાતાના પ્રધાન પ્રમોદ મહાજન હતા. એમણે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર કરીને જનતાને ધ્યાનમાં રાખ્યા વિના નિયમો કે કાયદા કર્યા એ જનતાને લૂંટનારા જ હતા. ખરેખર તો, સો વર્ષ પહેલાં અંગ્રેજોએ પોસ્ટ અને ટેલિફોન માટે જે કાયદાનિયમો કરેલા એ આજે પણ જનતાના લાભવાળા રહ્યા છે. વહીવટી ખર્ચ નીકળે એટલી આવક ધ્યાનમાં રાખવામાં આવેલી.

ભાજપે એટલે કે પ્રમોદ મહાજને મોબાઈલ કંપનીઓને કોઈ કાયદા કે નિયમમાં બાંધ્યા વિના જનતાને લૂંટવાના પરવાના જાતે કરોડો રૂપિયાની લાંચ લઈને આપવા માંડ્યા. (પ્રમોદ મહાજનની પુત્રી હમણાં મુંબઈમાંથી ચૂંટણી લડેલી ત્યારે એ હજી કુંવારી અને કશી નોકરી ધંધો નથી કરતી અને પૂરી ૨૮ વર્ષની પણ નથી તો પણ એની પાસે ૧૦ થી ૧૦૦ કરોડ રૂપિયાની મિલકતહોવાનો અંદાજ થઇ શકે એવી મૂડી મિલકત ક્યાંથી થઈ હોય ?) એમાં એવું તો ભાન ભુલાયું કે મોબાઈલ ફોન માટે ભારત સરકારના સંચાર નિગમને ક્યાંય સ્થાન જ ન અપાયું.

પરિણામે ત્યારની ભારત સરકાર એટલે ભાજપ અને ત્યારના સંચાર પ્રધાન એટલે પ્રમોદ મહાજને પેલી કંપનીઓને લૂંટી અને એ કંપનીઓએ જનતાને લૂંટી.

મોબાઈલ કંપનીઓ કઇ રીતે લૂંટે છે એના કેટલાક દાખલા જુઓ...

(૧) પ્રિપેઇડ અને પોસ્ટ પેઇડના અલગ અલગ ભાવ.

(૨) ફોન કરવામાં 'પલ્સ રેઇટ' ગણાય છે. 'પલ્સ' એટલે શું એની ચોખવટ મોબાઈલ કંપનીઓ તો નથી કરતી પણ મોબાઈલ કંપનીઓને અંકુશમાં રાખવા બનાવેલી સરકારની 'ટ્રાય' નામની (ટૂંકાક્ષર છે) સંસ્થા પણ નથી કરતી છતાં એને સેકન્ડ પ્રમાણેના ભાવ તરીકે ગણાવી શકાય. એ 'પલ્સ રેઇટ'નો ભાવ શું છે, કઇ કંપનીનો શું ભાવ છે, એ ભાવમાં ક્યારે ફેરફાર કરવામાં આવે છે વગેરે કોઈ જાણતું નથી. પલ્સ એટલે સેકન્ડ ગણીએ તો ૬૦ સેકન્ડની એક મિનિટ લેખેનો ભાવ ગણાય પરંતુ ૪૦ સેકન્ડ થઇ હોય તો પણ કંપનીઓ મિનિટનો ભાવ લઇ લે છે. આ રીતસરની લૂંટ અને અન્યાય છે પરંતુ મોબાઈલ કંપનીને કોઈ જ કાયદો લાગુ થતો નથી એટલે એ લૂંટ બેફામપણે અને છડેચોક ચાલે છે.

(૩) પ્રદેશ એટલે કે રાજ્યની બહાર ફોન થાય અથવા રાજ્યની બહાર જનાર ફોન કરે તો 'રોમીંગ ચાર્જ' લાગે છે. એ કેટલો છે, જુદી જુદી કંપનીઓનો જુદો જુદો છે કે નહીં... વગેરે મોબાઈલ ફોન વાપરનાર કોઈ જાણતું નથી.

(૪) 'પલ્સ રેઇટ' પહેલાં અંતર પ્રમાણે હતો. એટલે અમદાવાદવાળો મુંબઈ કે રાજકોટ કે કોલકત્તા કરે તો એના જુદા જુદા ભાવ રહેતા. એ જ રીતે દિવસે, રાત્રે વહેલી સવારે ફોન કરવાના અલગઅલગ ભાવ હતા. મોબાઈલ કંપીઓની

અંદર અંદરની લડાઈના હિસાબે એ બધું નાબુદ થઇ ગયું પણ એ પાછું ફરી ક્યારે ચાલુ થાય છે અથવા ચાલુ નથી જ થતું એવી કશી માહિતીની જાણ જ થતી નથી.

(૫) આવેલા ફોન અને કરેલા ફોનનું બીલ માંગવામાં આવે તો એનો ચાર્જ લેવામાં આવે છે. આ પણ લૂંટ જ છે કારણ કે આપણે ગ્રાહક હોટલમાં જાય કે દુકાનમાંથી દવાઓ કે બીજી વસ્તુઓની ખરીદી કરે તો બીલ આપવાની દુકાનદારની જેમ ફરજ છે એમ ટેલિફોન કંપનીઓએ દરેક ગ્રાહકને આઈટમવાર ખરીદીના બીલની જેમ બીલ આપવાની ફરજ છે... ગ્રાહકનો એ હક છે. ગ્રાહક પંચાયતમાં કોઇકે કેસ કરીને ટેલિફોન કંપનીઓને સીધી કરવાની જરૂર છે.

(૬) સાધારણ રીતે નિયમ એવો છે કે... આપણે ફોન કરીએ અને સામે ફોન લાગે... વાતચીત થાય તો જ ટેલીફોનનું બીલ ચઢે પરંતુ મોબાઈલ કંપનીઓ આપણે ફોન કરીએ નંબર લગાવીએ કે તરત જ બીલ ચઢી જાય છે.

(૭) ટેલિફોન કંપનીઓને ફરજ પાડવામાં આવે કે એ બીલ સાથે આઈટમવાર વિગતો આપે જ તો મોબાઈલ કંપનીઓ આપણને જનતાને કેવી લૂંટે છે અને ઠગે છે એ પકડાય જાય.

મોબાઈલ કંપનીઓ જનતાને આવી અનેક રીતે લૂંટે છે. એ કંપનીઓના ઠેરઠેર ગલ્લા ખુલેલા છે એટલે એ કંપીનીની શહેરમાં ઓફિસ ક્યાં આવી, એના મેનેજર વગેરે કોણ છે, એમના ટેલિફોન નંબર શું છે... એની જાણકારી એના બીલમાં ફરજીયાત હોવી જોઇએ પણ એ માહિતી અપાતી જ નથી. ગ્રાહકો માટેના કાયદામાં શું એ ન આવે ? અત્યારે દરેક ઉત્પાદન ઉપર બધી માહિતી વિગતવાર આપવાનું ફરજીયાત કરાયું છે તો શું મોબાઈલ કંપનીઓને એમાંથી શા માટે બાકાત રખાય છે ?

એક પણ મોબાઈલ કંપનીથી કરોડો ગ્રાહકોમાંનો એક પણ ગ્રાહક સંતુષ્ટ નથી પરંતુ બધા સમસમીને બેઠા રહે છે... ફરિયાદ ક્યાં કરવી ?

આ બધાનું એક જ કારણ છે પ્રમોદ મહાજન અને એના પછી સંચાર પ્રધાન કોંગ્રેસ સરકારમાં થયા એ એ.રાજા. કોંગ્રેસ સરકાર પહેલા પાંચ વર્ષ હતી ત્યારના આ ભ્રષ્ટાચાર શિરોમણી રાજાએ ભ્રષ્ટાચારો કરેલા. વડાપ્રધાન મનમોહનસિંહ એમનાથી નારાજ પણ હતા પરંતુ રાજા જે પક્ષના છે એ તમિળનાડુના ડી.એમ.કે. પક્ષના છે અને ડી.એમ.કે.ના ટેકાથી ત્યારની કોંગ્રેસ સરકાર ટકેલી અને અત્યારની કોંગ્રેસ સરકાર બની છે. તમિળનાડુમાંના પણ ડી.એમ.કે.ના કારણે કોંગ્રેસ સત્તામાં છે અને કોંગ્રેસના કારણે ડી.એમ.કે. સરકાર રચીને એના કરુણાનિધિ મુખ્યપ્રધાન છે.

મનમોહન સિંહને ફરી વાર પ્રધાનમંડળ રચવાનું થયું ત્યારે પહેલાં તો તેઓ એ.રાજાને લેવા જ તૈયાર નહોતા. એટલે કરુણાનિધિ દિલ્લી ગયેલા એ પાછા ચાલ્યા ગયેલા. એ પછી એમને મનાવવા ગુલામનબી આઝાદને ચેન્નઇ મોકલેલા. છેવટે રાજાને પ્રધાનમંડળમાં લેવાનું નક્કી થયું તો મનમોહનસિંહે એમને સંચાર પ્રધાન બનાવવાની ના પાડી. એટલે વળી કેન્દ્રમાં પ્રધાનમંડળ રચવામાં લોચો પડ્યો. છેવટે એ.રાજાને સંચાર પ્રધાન બનાવવા પડ્યા.

આ કૌભાંડ શું છે ? આ કૌભાંડ સીધી સાદી ભાષામાં મોબાઈલની જુદી જુદી કંપનીઓને જાહેરાત કે ટેન્ડર કાઢ્યા વિના સસ્તા ભાવે લાયસન્સ આપવાનું કૌભાંડ છે. સંચાર પ્રધાન એ.રાજાએ આ કૌભાંડ કરીને આપણા દેશને, જનતાને રૂ. ૬,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ (છ ખર્વ)નો 'ચુનો' લગાડ્યાનો અને એટલા રૂ. ખિસ્સામાં મૂક્યાનો આરોપ છે. (પ્રમોદ મહાજન ભાજપની સરકારમાં સંચાર પ્રધાન હતા. એમની દિકરી પાસે ૩૫ કરોડ રૂપિયા અને દિકરા રાહુલ મહાજન પાસે પણ ૩૫ કરોડ રૂપિયા હોવાના આરોપ થતા હોય તો મહાજનના પત્ની પાસે કેટલા કરોડ રૂ. હશે ?

પ્રમોદ મહાજનનો ભાઇ આ બધું જાણતો હશે અને એટલે એ એમની પાસે રૂપિયા લેવા ગયેલો પણ પ્રમોદ મહાજને એણે માંગેલા એટલા રૂપિયા ન આપ્યા એટલે પેલાએ ગુસ્સામાં ભાન ભૂલીને પ્રમોદ મહાજનની હત્યા કરી.)

આપણા દેશમાં મોબાઈલ ફોન માટેના ૨૨ સર્કલ કરેલા છે. એમાં નવા લાયસન્સ આપવામાં સ્વાન ટેલિકોમ અને યુનિટેક વાયરલેસ નામની કંપનીને રૂ. ૧૬,૫૧,૦૦,૦૦,૦૦૦ (૧૬ અબજ ૫૧ કરોડ) લગભગ ૧૩ સર્કલના લાયસન્સ આપવામાં લેવાયા હોય તો બીજા કેટલા લેવાયા હશે એ ગણી જુઓ.

એમાં પાછું સ્વાન ટેલિકોમ કંપનીએ દુબઈની ઈટી સલાટ જૂથની કંપનીને પોતાનો ૪૫ ટકા ભાગ રૂ. ૪૧૯૫૦૦૦૦૦૦૦ (૪૧ અબજ ૯૫ કરોડ)માં વેચીને રોકડી કરી લીધી. જ્યારે યુનિટેક વાયરલેસે નોર્વેની ટેલેનોર જૂથની કંપનીને ૬૭ ટકા હિસ્સો રૂ. ૬૧૨૦ કરોડ (એટલે ૬૧ અબજ ૨૦ કરોડ રૂ.)માં વેચી દીધો. એ જ રીતે ચેન્નઈની સ્ટેલ જૂથની કંપનીએ એનો ૪૯ ટકા હિસ્સો બીટેલ કંપનીને ૨૨૫૦૦૦૦૦૦ ડોલરમાં વેચ્યો તથા શ્યામ ટેલિસર્વિસીસ કંપનીએ એનો ૭૦ ટકા હિસ્સો રશિયાની સિસ્ટેમા નામની કંપનીને વેચી દીધો.

આ બધી લગભગ દસ જેટલી કંપનીઓ અને સંચાર ભવનની ઓફિસો ઉપર સી.બી.આઈ.એ. દરોડો પાડીને કૌભાંડ ઉપરનો પડદો ખોલવાનો પ્રયત્ન કર્યો પણ વડાપ્રધાન મનમોહનસિંહ આ વખતે પોતાના પ્રધાનને બચાવવામાં ઉતરી પડ્યા.

મનમોહનસિંહ એ રીતે પોતાની સ્વચ્છ છબીને ડાઘ લગાડી રહ્યા છે. એમણે તપાસ થવા દઈને પછી જે નિર્ણય લેવો હોય તે લેવો જોઈએ.

સાધારણ રીતે મનમોહનસિંહ વગેરે કેટલાક પ્રધાનોની સ્વચ્છ છબી છે એમાં શરદ પવાર, આ એ.રાજા જેવા પ્રધાનો એ છબીને કુચડો મારી રહ્યા છે ત્યારે એમના બચાવમાં ઊભા રહીને મનમોહનસિંહ પોતાની જાતને જ પોતે જ કુચડો મારી રહ્યા છે.